# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

---

નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૨/૧૨૦૮૯ તા. ૧૮/૦૨/૨૦૨૨

## પરિપત્ર-૨૬૩૬

સંદર્ભ : આ યુનિવર્સિટીનો તા.૧૫/૦૨/૨૦૨૨ નો પરિપત્ર-૨૬૩૨

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા ઉપરોક્ત સંદર્ભ દર્શિત પરિપત્રથી બી.એડ્. સેમેસ્ટર-૪ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વાર્ષિક પાઠ (પ્રાયોગિક પરીક્ષા) ની તારીખ જાહેર કરવામાં આવે છે. આ સંદર્ભમાં સંલગ્ન તમામ બી.એડ્. કોલેજોના આચાર્યશ્રીઓ, સંબંધિત પરીક્ષાના ચેરમેનશ્રીઓ/પરીક્ષાશ્રીઓ તથા તાલીમાર્થીઓને જણાવવાનું કે આ પ્રાયોગિક પરીક્ષા (વાર્ષિક પાઠ) ના સંદર્ભમાં નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવા અને તે મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

- **આચાર્યશ્રીઓ માટે** :
  1. આપની કોલેજમાં વાર્ષિક પાઠ સંબંધિત ચેરમેનશ્રી અને પરીક્ષકશ્રીઓનો નિમણુંક પત્ર અને માર્કશીટના કવર તથા અન્ય સાહિત્ય તા.૧૯/૦૨/૨૦૨૨ ના રોજ સવારે ૧૧:30 થી બપોરના 3:30 કલાક સુધીમાં યુનિવર્સિટી ખાતેથી રૂબરૂમાં મેળવી લેવા. આ માટે કોલેજનો ઓથોરીટી લેટર સાથે રાખવો જરૂરી છે.
  2. આપની કોલેજ/ગ્રુપ અનુસાર યુનિવર્સિટી દ્વારા નિમણુંક કરેલ ચેરમેનશ્રીને તેમનો અને અન્ય પરીક્ષકોનો નિમણુંક પત્ર, પરીક્ષાનું સમય પત્રક અને અન્ય જરૂરી સાહિત્ય તા.૨૧/૦૨/૨૦૨૨ સુધીમાં આપની કક્ષાએથી પૂરું પાડવાનું રહેશે. અને આ માહિતી પરીક્ષા સંબંધિત ખાનગી હોય આપશ્રી પૂરતી માર્યાદિત અને ખાનગી રાખવાની રહેશે.
  3. વાર્ષિક પાઠ આપનાર તાલીમાર્થીને તેના અભ્યાસક્રમના ભાગરૂપ ફરજીયાતપણે વિવિધ સ્તરે આપેલ પ્રાયોગિક પાઠની ફાઈલ અને નિરીક્ષણ નોંધ પોથી પરીક્ષા સમયે સાથે રાખવા જણાવવું.
  4. વાર્ષિક પાઠ આપનાર તાલીમાર્થીને તેના અભ્યાસક્રમના ભાગરૂપ ફરજીયાતપણે કરેલ પ્રાયોગિક કાર્યોના કોલેજમાં કરેલ સબમીશન પરીક્ષા સમયે સાથે રાખવા જણાવવું.
  5. દરેક તાલીમાર્થીને પરીક્ષાની તારીખે તેનું કોલેજનું આઈ.કાર્ડ સાથે રાખવા જણાવવું.
  6. વાર્ષિક પાઠના મહેનતાણાની ફાઈલ યુનિવર્સિટી ખાતે પરીક્ષા પૂર્ણ થયાના દિન-૫ માં રૂબરૂ અથવા ફક્ત સ્પીડ/રજીસ્ટર પોસ્ટથી યુનિવર્સિટીમાં જમા કરાવી દેવાની રહેશે. દરેક પ્રકારના બીલ/વાઉચર આચાર્યશ્રીએ પ્રમાણિત કરવાના રહેશે.
  7. દરેક પરીક્ષકના TA/DA અને મહેનતાણાના બીલો ચેરમેનશ્રી દ્વારા ફરજીયાત રીતે પ્રમાણિત કરાવવાના રહેશે. અન્યથા તે બીલો માન્ય ગણાશે નહી. ચેરમેનશ્રીનું TA/DA અને મહેનતાણાનું બીલ જે તે કોલેજના આચાર્યશ્રી/સીનીયર અધ્યાપકશ્રીએ પ્રમાણિત કરવાનું રહેશે.
  8. વાર્ષિક પાઠ દરમિયાન કોરોના વિષયક ગાઈડલાઈન્સનું પાલન કરાવવાનું રહેશે.

# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

---

- **ચેરમેનશ્રી/પરીક્ષકશ્રીઓ માટે** :
  1. અપનો નિમણુંક પત્ર સંબંધિત કોલેજ ખાતે મોકલી આપેલ છે.
  2. દરેક તાલીમાર્થી દ્વારા તેના અભ્યાસક્રમના ભાગરૂપ આપેલ પ્રાયોગિક પાઠની ફાઈલ, નિરીક્ષણ પોથી અને પ્રાયોગિક કાર્યના સબમીશનની ચકાસણી કરવી.
  3. દરેક તાલીમાર્થીના કોલેજ દ્વારા ઈસ્યુ કરેલ આઈ.કાર્ડ. ની ચકાસણી કરી પાઠ આપવા મંજુરી આપવી.
  4. યુનિવર્સિટીની અને આ પરીક્ષાની ગરિમા અને પ્રતિષ્ઠા જળવાય તેની તકેદારી રાખવી.
  5. આપને નિમણુંક આપેલ કોલેજના વાર્ષિક પાઠનું અંતિમ ગુણપત્રક, વ્યક્તિગત ગુણપત્રક, વિદ્યાર્થીઓનું હાજરી પત્રક યુનિવર્સિટી દ્વારા મોકલેલ કવરમાં સીલ કરી પરીક્ષા પૂર્ણ થયાના દિન-૩ માં રૂબરૂ અથવા ફક્ત સ્પીડ/રજીસ્ટર પોસ્ટ મારફત યુનિવર્સિટી ખાતે જમા કરાવી દેવાના રહેશે.
  6. દરેક પરીક્ષકના TA/DA અને મહેનતાણાના બીલ ચેરમેનશ્રીએ ફરજીયાત રીતે પ્રમાણિત કરવાના રહેશે. અન્યથા તે બીલો માન્ય ગણાશે નહી.
  7. વાર્ષિક પાઠ દરમિયાન કોરોના વિષયક ગાઈડલાઈન્સનું પાલન કરવાનું અને કરાવવાનું રહેશે.

- **વિદ્યાર્થીઓ માટે** :
  1. દરેક તાલીમાર્થીએ પરીક્ષાના દિવસે વાર્ષિક પાઠ બે નકલમાં તૈયાર કરી સાથે રાખવાની રહેશે અને તેના પર યુનિવર્સિટી દ્વારા ફાળવવામાં આવેલ બેઠક નંબર ફરજીયાતપણે લખવાનો રહેશે.
  2. દરેક તાલીમાર્થીએ વિવિધ સ્તરે આપેલ પ્રાયોગિક પાઠની ફાઈલ અને નિરીક્ષણ નોંધ પોથી પરીક્ષા સમયે સાથે રાખવાની રહેશે અને જયારે ચેરમેનશ્રી દ્વારા માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે.
  3. દરેક તાલીમાર્થીએ તેના અભ્યાસક્રમના ભાગરૂપ ફરજીયાતપણે કરેલ પ્રાયોગિક કાર્યોના કોલેજમાં કરેલ સબમીશન પરીક્ષા સમયે સાથે રાખવાના રહેશે અને જયારે ચેરમેનશ્રી દ્વારા માંગવામાં આવે ત્યારે રજુ કરવાના રહેશે.
  4. દરેક તાલીમાર્થીએ પરીક્ષાની તારીખે પોતાનું કોલેજનું આઈ.કાર્ડ સાથે રાખવાનું રહેશે. અને ચેરમેનશ્રી/પરીક્ષકશ્રી દ્વારા માંગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે.
  5. વાર્ષિક પાઠ દરમિયાન કોરોના વિષયક ગાઈડલાઈન્સનું પાલન કરાવવાનું રહેશે.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ. અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા બી.એડ. અભ્યાસક્રમની પ્રાયોગિક પરીક્ષા (વાર્ષિક પાઠ) માટે નિયુક્ત ચેરમેનશ્રીઓ/પરીક્ષકશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ સારું.

---